सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૨ | જાન્યુઆરી ૨૦૦૨ | અંક ૩

## વાલીઓને.......

છેલ્લા કેટલાક સમયથી સરકાર તરફથી માત્ર ફાજલ શિક્ષકો જ, વય મર્યાદાને કારણે નિવૃત થતાં શિક્ષકોને સ્થાને, ફાળવવામાં આવતાં હતાં. પરિણામે શિક્ષણના સ્તર ઉપર ખૂબ માઠી અસર થવા પામતી હતી. શિક્ષકની નિમણૂંક કરવાનો અધિકાર એકટમાં શાળાઓને જ અપાયો હોવા છતાં તે નિયમોને બાજુએ રાખીને ફાજલ શિક્ષકો શાળાઓને આપતાં,ન છૂટકે શાળાઓ માટે અદાલતનો આશરો લઈને તેની સામે સ્ટે લેવાનું જરૂરી બન્યું.

ફાજલ ઉપરનાં સ્ટેને કારણે ફાજલ શિક્ષકો તો મોકલવામાં આવતાં ન હતાં. પરંતુ શિક્ષકની જગ્યા પૂરવા માટે બીનવાંધા મંજૂરી (એન.ઓ.સી.) આપવામાં આવતી ન હતી. પરિણામે શાળાઓમાં શિક્ષકો ન હોઈ પરિસ્થિતિ એવી બની કે વર્ગો શિક્ષકો વીનાં અથવા સંસ્થાનાં પોતાનાં પૈસા આપીને કામચલાઉ શિક્ષકો રાખવાની મજબૂરી શાળાઓ માટે ઉભી થઈ. જે શિક્ષકોનાં પગારો ઉપરની ટકાવારી પ્રમાણે શાળા નિભાવ માટેની ગ્રાંટ પણ, પગારો જ ન અપાતાં હોઈ, તે ગ્રાંટમાં પણ ઘણો મોટો ઘટાડો થયો.

આ બધાનું સીધું પરિણામ એ આવ્યું કે શાળાઓ ખૂબ બીનતંદુરસ્ત રીતે ચાલે તેવી અવસ્થામાં આવી ગઈ. એમ કહી શકાય કે સોસાયટી "'ડી' સ્કુલ" થઈ ગઈ હતી.

મને જણાવતાં આનંદ થાય છે કે સરકારની અનેક મજબૂરી હોવા છતાં મોડે મોડે સમાજને જે નુકશાન થઈ રહયું તે સરકારનાં ધ્યાન ઉપર આવ્યું એટલું જ નહીં પણ તે અંગે ખૂબ ઝડપથી પગલા લેવા સરકારે ખૂબ સારા પ્રકારની કામગીરી છેલ્લા એકાદ વર્ષમાં કરી બતાવી અને આજે સરકાર શિક્ષણને સુધારવા માટે કટીબધ્ધ હોય તેવું વલણ નજરે ચઢે છે.

વચ્ચેનાં સમયની શાળાની પરિસ્થિતિને કારણે શાળાઓમાં હાજરીમાં અનિયમિતતાનું વલણ વિદ્યાર્થીઓમાં ફેલાયું. હવે જ્યારે શાળાઓ શિક્ષકો રાખવા માટે, શિક્ષણને સુધારવા માટે સક્રિય પ્રયત્નો કરી રહી છે ત્યારે વિદ્યાર્થીઓની હાજરી શાળામાં નિયમિત રહે તે પણ અપેક્ષિત છે.

અમે વર્ષની શરૂઆતમાં જ હાજરી અંગેની ગંભીરતા વાલીઓને સમજાવી હતી અને તે તરફ ધ્યાન આપવા સૂચવ્યું હતું. મને જણાવતાં આનંદ થાય છે કે તેમાં નોંધપાત્ર સુધારો થઈ શકયો છે. આમ છતાં જાહેર પરીક્ષાનાં ધોરણો ધો. ૧૦ અને વિશેષે ધો. ૧૨માં હાજરી અંગે બેદરકારી હોય તેવું વલણ દેખાય છે. આ બાબતમાં વાલીઓને મારી ખાસવિનંતી છે કે હવે તે બાબત કાળજી સેવે અને જાહેર પરીક્ષાનાં ધોરણોમાં પણ વિદ્યાર્થીઓ ગેરહાજર ન રહે તે જુએ. શ્રેણી ૧૧નાં વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્યપ્રવાહમાં પ્રવેશ સમયે પણ વિદ્યાર્થીની હાજરી લક્ષમાં લઈને તે પ્રવેશ આપવા તેવો નિયમ કરવાનું અમે વિચારી રહયા છીએ. જે ઉપરથી આ બાબતને કેટલી ગંભીર અમે સમજીએ છીએ તે આપ સમજી શકશો. પરીક્ષાનાં અગાઉનાં દિવસોમાં પણ ગેરહાજર રહેવાનું વલણ અટકે તે માટે યોગ્ય કારણસર વિદ્યાર્થી શાળામાં હાજર રહયો નથી તેવી ખાત્રી અમને નહી મળે તો વાર્ષિક પરીક્ષામાં તેને બેસવા દેવો કે કેમ ? તે અંગે વિચારવામાં આવશે. તેનાં આંતરીક ગુણાંકમાં પણ ગેરહાજરીની બાબત ધ્યાનમાં લઈને તે ગુણમાં કમી કરવાનું પણ યોગ્ય જણાશે તો કરવામાં આવશે.

શિક્ષણ સ્તર નીચું જવાને કારણે વર્ગ બઢતીનાં નિયમોમાં પણ સુધારો કરીને તે ૪૦ % કરવાનું વિચારાઈ રહયું છે તે તરફ હું વાલીઓનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરું છું. શિક્ષણની ગુણવતા સુધારવામાં શાળા અને ઘર બંનેનો સંવાદ અત્યંત જરૂરી છે તે કહેવાની ભાગ્યે જ જરૂર સમજું છું.

અભ્યાસક્રમમાં પણ સુધારો કરીને સી.બી.એસ.સી.નાં અભ્યાસક્રમને સમકક્ષ અભ્યાસક્રમ કદાચ થોડા જ સમયમાં આવે તેવું પણ વિચારાઈ રહયું છે જે તરફ વાલીઓનું ધ્યાન દોરું છું.

ના વંદન

## સ્મૃતિચિત્રો

દક્ષિણ ભારતમાંથી પાછા ફરતાં અમારો મુકામ કાર્યક્રમ મુજબ સવારનાં પૂણે પહોંચ્યો. અને ટ્રેનમાં તે ડબ્બો મુંબઈ પહોંચવાનો હતો. સવારે નાહીધોઈને સ્થાનિક સ્થળો જોવાનો કાર્યક્રમ વિચાર્યો હતો. વિદ્યાર્થીઓ જ્યારે ન્હાવા માટે બાથરૂમમાં ગયા ત્યારે જોવા મળ્યું કે બાથરૂમોમાં પગ પણ ન મૂકાય તેવી ગંદકી હતી. આથી મેં સ્ટેશન માસ્તરને આ અંગે જણાવ્યું તો તેમણે મારી ગ્રુપટીકીટ જોઈને એવું જણાવ્યું કે ઉપરનાં ભાગમાં ફર્સ્ટ કલાસનાં રીટાયરીંગ રૂમ છે ત્યાંની બાથરૂમનો ઉપયોગ કરો. વિદ્યાર્થી જ્યારે આ રૂમોમાં ગયા ત્યારે ત્યાંના એસકોર્ટે આ રીઝર્વ ડબ્બાની ટીકીટ ઉપર ઉપરનાં વર્ગની બાથરૂમો વાપરવાની મનાઈ કરી. કાયદાની દ્રષ્ટિએ તે સામે કશું કહી શકાય તેમ ન હતું પરંતુ સમજાવટથી તેમને વિનંતી કરી કે પ્રવાસી બાળકો છે અને સ્ટેશન માસ્તરની સલાહ મુજબ તેઓ આ સગવડ લઈ રહયા છે પરંતુ તેણે વાત ન માની.

આમાથી કાંઈ ઉપાય કરવો જોઈએ તેમ લાગતાં પૂણેનું નજીકનું સ્ટેશન શિવાજીનગર છે. ત્યાંની ફર્સ્ટ કલાસની વીસેક ટીકીટો લેવા માટે જ્યારે અમે બારી ઉપર ગયા ત્યારે તેને નવાઈ લાગી અને અમને જણાવ્યું કે ચાર પાંચ કિ.મી. દૂરના સ્ટેશનની ફર્સ્ટ કલાસની ટીકીટ લેવા કરતાં વાહનોમાં જતા રહીએ તો અનુકૂળ બને, તેમણે એ પણ જણાવ્યું કે ટ્રેઈનનો પણ સમય નથી. પરંતુ અમારા આગ્રહને વશ થઈ તેણે ટીકીટો આપી. આ ટીકીટનો ઉપયોગ કરી જ્યારે વિદ્યાર્થી રીટાયરીંગ રૂમમાં ગયા ત્યારે એસકોર્ટને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો હવે એણે મને વિનંતી કરવાનો વારો આવ્યો અને જણાવ્યું કે કોઈ રડયા ખડયા પેસેન્જર ફર્સ્ટ કલાસના રીટાયરીંગ રૂમમાં આવે તો તમારા વિદ્યાર્થીને જણાવશો કે તેઓ તેમને અનુકુળતા કરી આપે અને સહજ ભાવે મારી સંમતિ તો દર્શાવી પણ સાથે સાથે કાયદો અને તેનું વ્યવહારીકપણું આ બધામાં ખૂબ જરૂરી છે તે સમજવું જોઈએ. તેણે મૂક સંમતિ સાથે મારી વાતમાં સંમતિ દર્શાવી. વિદ્યાર્થીઓ તો આ કરામતથી ખુશ થઈ ગયા હતાં તે જણાવવાની ભાગ્યે જ જરૂર પડે.

## બાળકની સલામતી - કોની જવાબદારી ?

બેન ! અપૂર્વને વાગ્યું, ખૂબ લોહી નીકળે છે, જલ્દી આવો..એને કંઈ થઈ જશે તો !..

એમ...કહેતાં કહેતામાં તો વીસ પચીસ છોકરાઓનું ટોળું મારી ઓફિસમાં ભેગું થઈ ગયું... કોલાહલ મચી ગયો, અપૂર્વનાં કપાળમાંથી લોહી નીકળતું હતું, શર્ટ ખાસ્સું લોહીવાળું થઈ ગયું હતું, તરત જ રૂથી ઘા દબાવી દઈ લોહી તો માંડ માંડ બંધ કર્યું, દવા લઈ ઘા સાફ કર્યો, પાટો બાંધ્યો ને તેના મમ્મીને ફોન કર્યો...

" શું કહયું ? અપૂર્વને વાગ્યું છે ? બહુ વાગ્યું છે ? હું હમણાં જ આવી...." ને એના મમ્મી હાંફળા ફાંફળા સ્કુલમાં આવ્યાં, અપૂર્વને વાગ્યુ હતું તેનાં પ્રમાણમાં ઘણુંબધું ગભરાયેલા હતાં, નહીંતર પણ દિકરાને વાગ્યાના સમાચાર સાંભળે અને શર્ટ પર આટલું લોહી જુએ એટલે ગભરામણ તો થાય જ, પણ લોહી બંધ થઈ ગયું હતું. અને એટલે થોડી ચિંતા ઓછી હતી,પણ અપૂર્વને જે રીતે વાગ્યું હતું તે જોતાં તેની આંખ સહેજમાં જ બચી ગઈ હતી, ટાંકા લેવા પડે તોય નવાઈ નહીં, ધનુરનુ ઈંજેકશન તો આપવું પડે જ, કેટકેટલી મુશ્કેલી ?

વારંવાર, લગભગ રોજેરોજ આવા પ્રસંગો ઉભા થાય છે ને મનમા પ્રશ્નો ઘૂમરાય છે શું આનો કોઈ ઉપાય જ ન હોઈ શકે ?

વારંવાર બાળકોને ટોકીએ છીએ કે દોડાદોડી ન કરો...રીસેસમાં દોસ્તો સાથે બેસી, વાતો કરતાં કરતાં નાસ્તો કરો, એની ય એક મઝા છે પણ એ બાળકને એમ બેસવું કેમ નથી ગમતું ? નાસ્તોય દોડતા દોડતા કરે, ઢોળાય તેની ફીકર નહીં,બાળકમાં આટલો બધો અજંપો કેમ છે ? અરે ! રીસેસ તો શું પણ બે પિરીયડની વચ્ચે સમય મળે એમાં ય ધસમસતાં દોડતાં જ હોય, આગળ કે પાછળ કોઈ ઊભું હોય તોય જોવાનું જ નહીં ! કોઈ અડફેટે ચઢે તેની ચિંતા જ નહીં, પોતાને ય વાગે ને બીજાને ય વાગે, કોને ફિકર જ છે!...

ગમે તેટલું રોકો, ટોકો, સમજાવો છતાં ય હાથમાં પથરા લેવા, તેનાંથી મારામારી કરવી, પગની લખટી કરી સામાને પાડવું, મુક્કાબાજી કરવી, મારું કે મરું જેવું ઝનૂન.. આ બધું આવે છે કયાંથી ? બાળકના હૃદયને હાંશ કેમ નથી ? એને શું શાંતિ ગમતી જ નથી? આવું કેમ ? પહેલાં છોકરાં તોફાન કરતાં, રમતાં, મઝા કરતાં પણ આવો આટલો અજંપો નહોતો દેખાતો... આને માટે જવાબદાર કોણ ?

ઘરમાં બાળકો સાથે દિવસ દરમ્યાન દસેક મિનિટ માટે પણ શાંતિથી બેસી વાતોચીતો કરવાનો, બાળકોના મનની વાતો સાંભળવાનો આજે આપણને સમય છે ખરો ! પહેલાં તો જમતી વખતે ય સાથે બેસતાં ને આખા દિવસની વાતોચીતો થતી પણ આજે ! સાંજ પડયે જમતાં ય સૌ પોતપોતાની પ્લેટ લઈ ટી.વી.ની સામે જડાઈ જાય છે, એટલે સંતાનો સાથેની વાતોચીતો તો સાવ જ ઓછી થઈ ગઈ છે. સંતાનમાં સંસ્કારની સુવાસ આવે કયાંથી ? માબાપનું સંતાન સાથેનું સાયુજ્ય જ તૂટયું છે તે ઓછું હોય તેમાં પાછું ટી.વી. પરનાં આક્રમક દશ્યો... વિદ્યાર્થીઓમાં વારંવાર ગેરશિસ્તના પ્રશ્નો વર્તન અંગેની સમસ્યાઓ ઉભી થાય છે અને ત્યારે માબાપને મારે ખાસ કહેવું પડે છે " મહેરબાની કરી ટી.વી. ઊંચું મુકી દો... તમારે તમારા સંતાનને જો સારું બનાવવું હોય તો.." લોભામણી જાહેરખબરોમાંથી જાગતો અસંતોષ, વૃત્તિઓને ઉત્તેજે અને બહેકાવે તેવા દશ્યો, આક્રમકતાને ઉશ્કેરે એવી સીરીયલો...આજના ઉગતા બાળકમાં સંસ્કારનું સિંચન કરે, તેને જીવંત ભાવનાશાળી માનવ બનાવે તેવા કાર્યક્રમ કેટલાં ? ... અને આ માધ્યમની અસર બાલમાનસ પર એટલી હદ સુધી છવાઈ ગઈ છે કે બાળકોને બાલસભામાં કયારેક નાટક રજૂ કરવાનું કહેવામાં આવે તો તેમાં ય મારામારી સ્મગલર કે આતંકવાદ સિવાય કશું જ જોવા મળતું નથી. ચિંતા થાય તેવું છે, આ બધું કયાં જઈને અટકશે ? બાળકનાં હૃદયનો અજંપો કોણ દુર કરશે ? એમની પોતાની જ સલામતી માટે એમને કોણ જાગૃત કરશે !! આપણા સૌ માટે આ એક ગંભીર સમસ્યા છે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

ફરી એકવાર બાળકોએ મીની ઝૂ ની મુલાકાત લીધી ત્યારે તેમનો આનંદ અનેરો હતો.

પપેટ વડે તેમની સમક્ષ સસલા અને ગાજરની વાર્તા ભજવવામાં આવી, તે તેમને ખૂબ ગમી. ડોશી અને દિકરીની વાર્તા શિક્ષકોએ ભજવી બાળકો તે જોવામાં તલ્લીન થઈ ગયાં. વાર્તામાં આવતાં જોડકણાં બાળકોને ગાવા ખૂબ ગમે છે. નાગદમન, શિયાળ અને સસલાની સમૂહ વાર્તા તેમણે રસપૂર્વક સાંભળી. પપેટ દ્વારા રજૂ થતી વાર્તા જોવી બાળકોને ખૂબ ગમે છે.

હવે બાળકોને ઓરડામાં વિવિધ પ્રવૃત્તિઓ અપાય છે. બાળકો શાંતિની અને સ્વાદની રમત રમ્યાં. જુદા જુદા સ્વાદ ઓળખતાં થયાં. શાંતિની રમત દ્વારા જુદા જુદા અવાજ ઓળખતાં શીખ્યાં. અવાજ સાંભળવા માટે એકદમ એકાગ્ર બની શાંત ચિત્તે અવાજ ઓળખવાની રમત રમ્યાં. બાળકો હવે જીજ્ઞાસુ બનતાં જાય છે. રોજ જ નવી રમત રમવામાટે બહેનને ઉત્સાહપૂર્વક પૂછપરછ કરે છે.

ઈન્દ્રીય શિક્ષણ અને જીવન વ્યવહારનો ઓરડો ગોઠવવામાં આવે છે જ્યાં બાળકો રસપૂર્વક રમતાં થયાં છે. રંગબેરંગી ધજાઓ લઈ રમતા રમતાં રંગ ઓળખતાં તેઓ શીખે છે. સંગીતમાં પતંગના ગીતો અભિનય સાથે ગાઈને અનેરો આનંદ મેળવે છે. સંગીતમાં એક ગીત પૂરુ થતાં જ બીજા ગીત માટે આતુર બની રહે છે. બાલવાડીનાં મુક્ત વાતાવરણમા તેઓ સરસ રીતે આગળ વધી રહયાં છે. તેમને જોવા એ પણ એક લ્હાવો છે.

### બાલમંદિર

તા. ૨૨-૧૨-૦૧ને શનીવારે તાલીમનાં બાળકો તથા તા. ૨૯-૧૨-૦૧ને શનીવારે બાલમંદિર બ વિભાગનાં બાળકો લૉ-ગાર્ડનના પ્રવાસે ગયાં ત્યાં તેમને ખૂબ મઝા આવી. ખૂબ ખેલ્યાં, કૂદયાં અને નાસ્તો કર્યો.

તા.૧૮-૧૨-૦૧ ને મંગળવારે તાલીમનાં બાળકો માટે રમતોત્સવ યોજાયો હતો. જેમાં વિઘ્નદોડ, સંગીત ખુરસી, બટાટાવીણ અને દોડ વિગેરે રમતો યોજવામાં આવી હતી. વિજેતા નીવડેલા બાળકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યાં.

તાલીમના બાળકોને શિયાળામાં આવતા પૌષ્ટિક તાજા શાકભાજીનુ મહત્વ સમજાવી, બાળકો સાથે રહીને સૂપ અને કચુંબર કરીને તેમને તે આપવામાં આવ્યાં.પોતે જાતે હાજર રહી બનાવેલાં એ સૂપ અને કચુંબરનો સ્વાદ તેમને ખૂબ સરસ લાગ્યો. સૂપ અને સલાડ તેમણે ખૂબ હોંશેહોંશે ખાધાં.

તા.૨૯-૧૨-૦૧ને શનીવારે તાલીમનાં બાળકોને જલારામ મંદિરમા દર્શનાર્થે લઈ જવામાં આવ્યાં. ત્યાં બાળકોએ ભજન અને ધૂનની રમઝટ બોલાવી અને છેલ્લે હોંશેહોંશે પ્રસાદ ખાધો.

નાતાલની ઉજવણી બાળકોએ ખૂબ ઉત્સાહપુર્વક કરી સચિત્ર વાર્તાથી તેમને નાતાલના ઉત્સવની સમજ આપી.તેઓ સરસ નાચ્યાં. ચિ.હેમેન વાયવાલા અને ચિ.હર્ષ પરેશભાઈ સાન્તાકલોઝ બન્યાં અને બાળકોને ચોકલેટો વહેંચી.

તા. ૧-૧-૦૨ને મંગળવારનાં રોજ બાળકોએ જાતે વટાણા ફોલી વટાણા બટાકા ટામેટાનું શાક બનાવડાવ્યું. ઘેરથી લાવેલા પૂરી કે રોટલી સાથે એ બાળકોએ ખૂબ હોંશથી શાક ખાધું. જાતે કર્યાનો આનંદ કેવો અનેરો હોય છે એ બાળકોને જોતાં સમજાયું.

## શિશુમંદિર

તા.૨૦-૧૦-૦૧ને શનીવારે ધોરણ ૧ થી ૭ નાં ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. રંગબેરંગી ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈ બાળાઓએ ખૂબ સરસ ગરબા રજૂ કર્યા.

આંતરગૃહ સ્પર્ધાઓ :

**આરતીની થાળી સુશોભન સ્પર્ધા : ૨૫-૧૦-૦૧**

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋતુ પારેખ | (મેઘનાદ) |
| દ્વિતીય | જૈનમ શાહ | (રત્નદીપ) |
| | અકુલ મોદી | (ગંગોત્રી) |
| તૃતીય | નિધિ રાજા | (ગંગોત્રી) |
| | આત્મન્ ફોજદાર | (ધવલગિરિ) |

**આરતીની થાળી સુશોભન સ્પર્ધા : સીનીયયર ગ્રુપ**

| | | |
|---|---|---|
| પ્રથમ | નૌકા શાહ | (રત્નદીપ) |
| દ્વિતીય | પ્રકૃતિ જોશી | (ગંગોત્રી) |
| તૃતીય | નીવા શાહ | (મેઘનાદ) |
| | નીશા શાહ | (ધવલગિરિ) |

**રંગોળી સ્પર્ધા : જુનીયર ગ્રુપ ૩૦-૧૦-૦૧**

| | | |
|---|---|---|
| પ્રથમ | આરોહી ત્રિવેદી | (રત્નદીપ) |
| દ્વિતીય | સહજ પરીખ | (ગંગોત્રી) |
| | બ્રિન્દા જોષી | (રત્નદીપ) |
| તૃતીય | આત્મન્ ફોજદાર | (ધવલગિરિ) |

**રંગોળી સ્પર્ધા : સીનીયર ગ્રુપ**

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રિયલ શાહ | (મેઘનાદ) |
| દ્વિતીય | કરિશ્મા મહેતા | (રત્નદીપ) |
| તૃતીય | પલક ત્રિવેદી | (ગંગોત્રી) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા : જુનિયર ગ્રુપ તા.૫-૧૧-૦૧**

| | | |
|---|---|---|
| પ્રથમ | અભિજ્ઞ શાહ | (મેઘનાદ) |
| દ્વિતીય | જાનકી શાહ | (ગંગોત્રી) |
| તૃતીય | પ્રીત આચાર્ય | (ગંગોત્રી) |
| | દેવસ્ય જાની | (ગંગોત્રી) |

સીનીયર ગ્રુપ

| | | |
|---|---|---|
| પ્રથમ | કરિશ્મા મહેતા | (રત્નીપ) |
| દ્વિતીય | હર્ષિન નાગોરી | (મેઘનાદ) |
| | પક્ષ્મન દવે | (ગંગોત્રી) |
| તૃતીય | નીવા શાહ | (મેઘનાદ) |

**ટેબલ ડેકોરેશન સ્પર્ધા : તા. ૨૮-૧૨-૦૧**

| | | |
|---|---|---|
| પ્રથમ | જ્યાયસી દેસાઈ | (ધવલગિરિ) |
| | જુહી શાહ | |
| દ્વિતીય | પ્રાચી દલાલ | (મેઘનાદ) |
| | વિરાજ અમીન | |
| તૃતીય | પ્રાપ્તિ પટેલ | (મેઘનાદ) |
| | રિધ્ધિ ખત્રી | |
| | રાહી શાહ | (ધવલગિરિ) |
| | શૈલી શાહ | |

**સલાડ ડેકોરેશન સ્પર્ધા : તા. ૨-૧-૦૨**

| | | |
|---|---|---|
| પ્રથમ | સમ્યક શાહ | (મેઘનાદ) |
| દ્વિતીય | માનસી રાવલ | (ગંગોત્રી) |
| | આશિની શાહ | |
| તૃતીય | નીવા શાહ | (મેઘનાદ) |
| | આરોહી ત્રિવેદી | (રત્નદીપ) |

**પતંગ બનાવવાની સ્પર્ધા : તા. ૪-૧-૦૨**

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃપાલી મનાણી | (ધવલગિરિ) |
| દ્વિતીય | નીવા શાહ | (મેઘનાદ) |
| તૃતીય | કોમલ દલાલ | (ધવલગિરિ) |
| | નિધિ શાહ | (ધવલગિરિ) |

તા.૨૪-૧૦-૦૧નાં રોજ ધોરણ ૪ નાં બાળકો માટે દાંડિયા સુશોભન સ્પર્ધા યોજવામાં આવી.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધા :**

**બેડમિંગ્ટન સ્પર્ધા : તા. ૨૯-૧૦-૦૧**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ | કુણાલ પરમાર | (પદ્મપુકુર) |
| | દ્વિતીય | દેવર્ષ પટેલ | (પદ્મપુકુર) |
| | તૃતીય | શૈલ શાહ | (ગીતગોવિંદ) |
| બહેનો | પ્રથમ | મનાલી શાહ | (ગીતગોવિંદ) |
| | દ્વિતીય | હરીતા વ્યાસ | (મેઘદુત) |
| | તૃતીય | આનલ વસાવડા | (ગીતગોવિંદ) |

**ચેસ સ્પર્ધા : તા. ૨૬-૯-૦૧**

| | | |
|---|---|---|
| પ્રથમ | પાર્થ વૈદ્ય | (ગીતગોવિંદ) |
| દ્વિતીય | બંદિશ સોપારકર | (ચંદ્રમૌલિ) |
| તૃતીય | મહર્ષિ થુલા | (ચંદ્રમૌલિ) |

## અભિનંદન

**ચિત્ર :** નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ એન્ડ ટ્રેનિંગ (N.C.E.R.T.) આયોજીત ઈન્ટરનેશનલ પોસ્ટર સ્પર્ધા ૨૦૦૧માં ચિ.ચિનાર મુકેશભાઈને 'A world of Opportunities' વિષય પર કરેલાં પોસ્ટર માટે મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

નેશનલ એક્ઝીબીશન ઓફ આર્ટ ફોર ચિલ્ડ્રન એન્ડ યુથ, હૈદ્રાબાદ આયોજીત 'સંસ્કૃતિ ૨૦૦૧' માં ચિ.પ્રાર્થના ચુડાસમા, પ્રાર્થના ચાલીસહજાર, રાહીલ શાહ, રીચા શાહ, પૌરિન શાહ અને સમ્યક શાહને ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશનના સર્ટીફીકેટ મળ્યાં છે.

ચાઈલ્ડ આર્ટ કલબ નેશનલ કાઉન્સીલ હૈદ્રાબાદ આયોજીત અંકલ બાબજીની ૩૬મી ઑલ ઈન્ડીયા ચાઈલ્ડ આર્ટ કોમ્પીટીશન ૨૦૦૧મા ચિ.વિશાલ શાહને કાંસ્યચંદ્રક મળ્યો છે.

ધી નેશનલ એક્રોન ચિત્ર સ્પર્ધામાં બી ગ્રુપમાં ચિ.જુઈ શાહને દ્વિતીય આવવા બદલ સર્ટીફીકેટ મળ્યું છે.

**ચેસ :** સન એન સ્ટેપ કલબ ખાતે તા.૨૧-૧૦-૨૦૦૧નાં રોજ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન આયોજીત અમદાવાદ ચેસ ટુર્નામેન્ટમાં ચિ.પરીશા દલાલને છઠ્ઠું સ્થાન પ્રાપ્ત થયું છે.

તા.૩૦-૧૦-૨૦૦૧નાં રોજ ગુજરાત કલબ ખાતે ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન તરફથી યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ચિ.પરીશા દલાલને દ્વિતીય સંવિત શાહને ચોથું, સ્વપ્નીલ શાહને બીજું સ્થાન પ્રાપ્ત થયું છે.

**કરાટે :** ગુજરાત સ્ટેટ એમેચ્યોર ટેકવેન્ડો એસોસીયેશન તરફથી ચિ.પૌરિન શાહને ગ્રીન બેલ્ટ મળ્યો છે.

અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ ઓફ ઈન્ડીયાના ઉપક્રમે ચિ.અચ્યુત પંચાલને (ગ્રીન - I), આત્મન ફોજદારને (બ્રાઉન - I) કર્ણ જાનીને (વ્હાઈટ - I) બેલ્ટ મળ્યાં છે.

**સ્કેટીંગ :** રોલર સ્કેટીંગ એસોસીએશન ઑફ અમદાવાદ ડીસ્ટ્રીકટ આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં ફ્રી સ્કેટીંગ અને ફીગર સ્કેટીંગમાં ચિ.અંશિની ભટ્ટને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયાં છે.

**તરણકલા :** શ્રેયસ અંગસૌષ્ઠવ કેન્દ્ર આયોજીત તરણકલા સ્પર્ધામાં ચિ. યેશા મહેતા ૨૫ મીટર ફ્રી સ્ટાઈલમાં દ્વિતીય ચિ.કુશાન મહેતા ૨૫ મીટર

બ્રેસ્ટસ્ટ્રોક તથા ૨૫ મીટર ફ્રી સ્ટાઈલમાં તૃતીય અને ચિ. ખુશ વછરાજાની ૨૫ મીટર ફ્રી સ્ટાઈલમાં દ્વિતીય આવ્યાં છે.

**Children Learn What They Live**

If a child lives with criticism,
He learns to condemn.
If a child lives with praise,
He learns to appreciate.

If a child lives with hostility,
He learns to fight.
If a child lives with tolerance,
He learns to be patient.

If a child lives with ridicule,
He learns to be shy.
If a child lives with encouragement,
He learns confidence.

If a child lives with shame,
He learns to feel guilty.
If a child lives with approval,
He learns to like himself.

If a child lives with fairness,
He learns justice.
If a child lives with security,
He learns to have faith.

If a child lives with acceptance & friendship,
He learns to find love in the world.

સંકલન

## 'अनुशासन '

शिक्षक की नजरों में हम सब विद्यार्थी एक ' समान ',
अनुशासित व्यक्ति ही बने ' महान ' ।

विद्यार्थी के जीवन में ' अनुशासन ' का प्रभाव ,
प्रगति के लिए जरूरी ' एकाग्रता ' का भाव ।

यदि बन गए अनुशासित तो बेडा ' पार ',
सभी क्षेत्रों में अनुशासन ही है ' सार ' ।

यदि होगे अनुशासित तो पाओगे उंचा ' स्थान ' ,
देश-विदेश में भी होगा तुम्हारा ही ' मान ' ।

तो आओं बच्चों ! सीखें हम कुछ अनुशासन का ज्ञान ,
फिर बोल सकेंगे मेरा भारत ' महान '!!!

कुशल एच.ओझा

## સંસ્થાનું ગૌરવ

**ચેસ :** અનૂરી શાહે આ વર્ષે " Oropessa de mor " Spainખાતે યોજાયેલ વર્લ્ડ ચેસ ટુર્નામેન્ટમાં under-12 G વિભાગમાં ભારત તરફથી ભાગ લીધો. તેનાં current performance Rating 2164 પ્રમાણે વિશ્વની આ ટુર્નામેન્ટમાં 5th seeding પ્રાપ્ત કર્યું. સ્પર્ધાને અંતે 24th rank મેળવી.

ગુજરાત સરકાર તરફથી, under-19 ( Junior ) વિભાગમાં શ્રેષ્ઠ રમતવીરોને એનાયત થતો જયદિપસિંહજી જુનીયર એવોર્ડ અનૂરીને મળેલ છે. આ એવોર્ડમાં સન્માનપત્ર, ચંદ્રક, બ્લેઝર અને રૂ.૧૦,૦૦૦/- નું ઈનામ એનાયત થાય છે.

ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટમાં under-19 girls વિભાગમાં ચિ. અનૂરી ચેમ્પીયન બનેલ છે.

ઓરીએન્ટ કલબ ખાતે રમાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ઓપન સીનીયર વિભાગમાં રમી ચેમ્પીયન બનેલ છે.

ચિ. અનૂરીને ખૂબ ધન્યવાદ.

**સ્કેટીંગ :** ચિ. અંશિની ભટ્ટ ગુજરાત રાજ્ય તરફથી વિશાખાપટ્ટનમ ખાતે આયોજીત ૩૯મા નેશનલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં પસંદગી પામ્યા છે. આ ચેમ્પીયનશીપ તા. ૧૫ થી ૧૯મી જાન્યુઆરી ૨૦૦૨ના દિવસોમાં યોજાઈ છે. બેન અંશિનીને સફળતા માટે શુભેચ્છા.

## આત્મવિશ્વાસ

ગેટેએ કયાંક એવી મતલબનું લખ્યું છે કે બધાં બાળકોનો, જો એમનામાં રહેલ શક્તિઓ પ્રમાણે વિકાસ થાય તો આ જગત વિભૂતીઓથી ભરાઈ જાય.

બીજમાં જેમ આખું વૃક્ષ છુપાયેલું હોય છે એમ દરેક બાળકમાં તેના ભાવિની મહાન શકયતાઓ છુપાયેલી હોય છે, પરંતુ યોગ્ય પોષણ અને વાતાવરણના અભાવને લીધે એ શકયતાઓ મૂરઝાઈ જાય છે. પરિણામે આ જગત અનેકવિધ ગુણોથી મહેકતા રંગબેરંગી છોડનાં બગીચાનાં બદલે ઘાસિયા મેદાન જેવું દેખાય છે.

છતાં, એમાં પણ કેટલીક વ્યક્તિઓ બીજા કરતાં વધુ વિકસિત અને સામાન્ય સ્તરથી વધારે ઊંચી દેખાય છે. એવી એ વ્યક્તિઓમાં બીજી અનેક ભિન્નતાઓ હોવા છતાં કેટલાંક પાયાના ગુણો એકસરખાં હોય છે... અને એ ગુણોમાં પણ એક ગુણ એવો છે જેને કારણે બીજા કરતાં તેઓ બુલંદા પ્રાપ્ત કરી શકે છે. એ છે એમનો આત્મવિશ્વાસ.....

એમનાં આત્મવિશ્વાસ પાછળ બે વસ્તુઓ પડેલી હોય છે- એકતો જે કામ તેઓ કરતાં હોય છે એ તરફનું એમનું કુદરતી વલણ અને બીજી વસ્તુ છે એમનો અભ્યાસ.

..... ગેટ કહે કે એમ , દરેક બાળક કોઈક વિશિષ્ટ શક્તિ લઈ ને જ જગતમાં આવે છે, પરંતુ ઉપરની બે વસ્તુના અભાવને કારણે તેની આ શક્તિ વેડફાઈ જાય છે.

સંકલન

## શ્રધ્ધાંજલિ

સંસ્થાના ભૂતપૂર્વ શિક્ષક શ્રી રવિભાઈ દવેના અવસાનની નોંધ લેતાં સંસ્થા દુઃખ અનુભવે છે. તેમણે ઘણાં લાંબા સમય સુધી સંસ્થાને ભારે ઉપયોગી સેવા આપી હતી. નમૂનેદાર અક્ષરો, કામમાં નિષ્ઠા અને વિદ્યાર્થીઓ સાથે જીવંત સંપર્ક તેમની આગવી ઓળખ હતાં. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પ્રાર્થના.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shardamandir@rediffmail.com